# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/046 Dt. 15/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌત સાથે Smart Policing for a Safe & Resilient Surat Citizen Partnership @ 2047 વિષય પર ચર્ચા સભા યોજાઇ

**આ ચર્ચા સભામાં રાત્રિના સમયે ટ્રાફિક સિગ્નલ પર લાગતો વધુ પડતો સમય, રાઇટ સાઇડ પર જવા માટે પડતી મુશ્કેલીઓ, શાળાની આજુબાજુમાં ગુટખા–સિગારેટનું વેચાણ, ગર્લ્સ સ્કૂલની પાસે ટપોરીઓની કનડગત, રીંગરોડ પર માર્કેટ વિસ્તારમાં ટ્રાફિક ક્રેઇનો દ્વારા વાહનોને ઊંચકી લઇ જવાને કારણે વેપારીઓને પડતી મુશ્કેલીઓ સહિતના પ્રશ્નો પોલીસ કમિશનર સમક્ષ રજૂ કરાયા**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૧૪ જુલાઇ ૨૦૨૫ના રોજ સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌત સાથે Smart Policing for a Safe & Resilient Surat Citizen Partnership @ 2047 વિષય પર ચર્ચા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરત શહેર સતત વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે ત્યારે શહેરની સુરક્ષા અને કાયદો વ્યવસ્થાની દૃષ્ટિએ સ્માર્ટ પોલિસીંગ સમયની માંગ છે. પોલીસ તંત્ર સાથે મળીને ટેકનોલોજી આધારિત સિસ્ટમ વિકસાવવી જરૂરી છે. આ મુદ્દે પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ

ગેહલોતનું માર્ગદર્શન ચેમ્બરના સભ્યો તેમજ ઉદ્યોગ સાહસિકોને ખૂબ જ લાભદાયી સાબિત થશે. ચેમ્બર હંમેશા સુરત શહેરના સર્વાંગી વિકાસ માટે પોલીસ તંત્ર સાથે સહયોગી બનવાની જવાબદારી નિભાવી રહયું છે.

સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌતે જણાવ્યું હતું કે, વર્ષ ૧૮૬૧માં ઇન્ડિયન પોલીસ એકટ બન્યો હતો અને તેના માટે પોલીસની રચના થઇ હતી. મુખ્યત્વે ત્રણ જવાબદારીઓ પોલીસની સોંપવામાં આવી હતી, જેમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી, પ્રિવેન્શન એન્ડ ડિટેકશન ઓફ ક્રાઇમ અને ટ્રાફિક નિયમનનો સમાવેશ થાય છે. પહેલાના કાયદા બ્રિટીશ સરકારે બનાવેલા હતા, જે પબ્લીક ઓરિએન્ટેડ ન હતા. ધીમે ધીમે કાયદા પબ્લીક ઓરિએન્ટેડ થયા અને તેમાં પોલીસ માટે અલગ અલગ સર્વિસિસનો પણ સમાવેશ કરાયો હતો.

તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા પોલીસને સ્માર્ટનો જે અર્થ સમજાવવામાં આવ્યો હતો તે જણાવતા કહયું હતું કે, S એટલે ગુનેગારો માટે સ્ટ્રીકટ અને લોકો માટે સંવેદનશીલ, M એટલે મોર્ડન એન્ડ મોબિલિટી (મોર્ડનાઇઝ સિસ્ટમ), A એટલે એલર્ટ એન્ડ અટેન્ડીંગ, R એટલે રિસ્પોન્સ એન્ડ રિસ્પોન્સીબલ અને T એટલે ટ્રેઇન્ડ એન્ડ ટેકસેવી. પોલીસે પોતાની જાતને સતત ટ્રેઇન્ડ કરવાની રહેશે. સાયબર ક્રાઇમ અને નાર્કોટિકસ જેવા ગુનાઓને નાથવા માટે ટેકસેવી બનવાની દિશામાં પ્રયાસ કરવાનો રહેશે.

દેશના નવી દિલ્હી અને મુંબઇ જેવા કેપિટલ શહેરોને બાદ કરતા સૌથી મોટા શહેરોમાં સુરતનો સમાવેશ થાય છે. સુરત શહેરની ઝડપથી વધી રહેલી વસ્તી, ઉદ્યોગોનો વિકાસ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉભરતા પ્રશ્નોને જોતા હવે પરંપરાગત પોલીસિંગને બદલે સ્માર્ટ, ટેકનોલોજી આધારિત અને લોકો સાથે ભાગીદારી આધારિત પોલીસિંગનો અમલ અત્યંત જરૂરી બની ગયો છે. પોલીસ એ સરકારનું દેખીતું અંગ છે. કોઇ ઘટના બને એટલે સૌ પ્રથમ પોલીસ સ્થળ પર પહોંચી જાય છે, બાકીના વિભાગો પછીથી સંકલન સાધીને કામગીરી કરતા હોય છે.

સુરત શહેરમાં ૧૦૦ નંબર પર છ મહિનામાં ૫૦ હજારથી વધુ કોલ આવે છે, જેમાંથી ૩૦ ટકા કોલ પોલીસને સંબંધિત હોતા નથી. રોડ, રસ્તા અને પાણીની સમસ્યાના કોલને પણ પોલીસ અટેન્ડ કરે છે અને તેના નિરાકરણ માટે પ્રયાસ કરે છે. આ ઉપરાંત પાંડેસરા, ઉધના, લિંબાયત અને ઉન વિસ્તારમાંથી કુલ કોલના ૪૦ ટકા કોલ ૧૦૦ નંબર પર આવે છે. સુરત પોલીસ દ્વારા ડિજિટલ સર્વેલન્સ, ડેટા એનાલિટિકસ, ફોરેન્સીક ટેકનોલોજી અને ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ્સ જેવા માધ્યમો દ્વારા શહેરમાં અસામાજિક તત્વો સામે લાલ આંખ કરવામાં આવે છે, જેથી કરીને સોસાયટીમાં શાંતિ જળવાઇ રહે.

પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે, હાલમાં સુરત શહેરમાં ૨૫ જેટલી જગ્યાએ એઆઇ બેઇઝડ કેમેરા છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ થકી હમણા ટ્રાયલ ચાલી રહી છે પછી અન્ય કેમેરામાં એઆઇને એડ કરવામાં આવશે. રેડ સિગ્નલ હોવા છતાં રસ્તો ક્રોસ કરનાર વાહનને એઆઇ બેઇઝડ કેમેરા ડિટેકડ કરીને ઓટોમેટિક ચલણ જનરેટ કરી દે છે. ગત વર્ષે ૯ લાખ જેટલા ચલણ જનરેટ થયા હતા. જેમાં રોન્ગ સાઇડ, ઓવર સ્પીડ, રેડ લાઇટ છતાં રોડ ક્રોસિંગ અને હેલ્મેટ વગરના વાહનચાલકોનો સમાવેશ થયો હતો. આ વર્ષે છ મહિનામાં જ ૯ લાખ ચલણ જનરેટ થઇ ગયા છે. મોટરસાયકલ ચાલકોને હેલ્મેટ પહેરાવવાનો હેતુ માત્ર રોડ અકસ્માતમાં તેઓના જીવની રક્ષાનો કરવાનો છે અને ૮૦ ટકા વાહનચાલકો હવે હેલ્મેટ પહેરતા થઇ ગયા છે.

સુરત સ્પાઇ આઇ પ્રોજેકટ અંતર્ગત ક્રાઇમ બ્રાન્ચ પાસે ૭ હજાર જેટલા એવા કેમેરા છે, જેની મદદથી પોલીસ તુરંત ક્રાઇમનું ડિટેકશન કરે છે. સુરત શહેરમાં ટ્રાફિક નિયમન અને ક્રાઇમ ડિટેકશન માટે કેમેરા ખૂબ જ મહત્વની

ભૂમિકા ભજવે છે. કેમેરાની મદદથી પોલીસ ટ્રાફિક જામની સમસ્યાનું પણ નિરાકરણ લાવે છે. મોટા ટ્રાફિક સર્કલોને કારણે મુશ્કેલી થતી હતી એટલે ટ્રાફિક સર્કલોને પણ નાના કરવામાં આવી રહયા છે. સ્વચ્છતામાં જેવી રીતે સુરત શહેર નંબર વન છે એવી જ રીતે ટ્રાફિક નિયમનમાં પણ સુરત નંબર વન બને તે માટે તેઓએ લોકોને નિયમોના પાલન માટે અપીલ કરી હતી.

આ ચર્ચા સભામાં ટ્રાફિકના સિગ્નલો, સિગ્નલના ટાઇમીંગ, રાત્રિના સમયે ટ્રાફિક સિગ્નલ પર લાગતો વધુ પડતો સમય, રાઇટ સાઇડ પર જવા માટે પડતી મુશ્કેલીઓ, શાળાની આજુબાજુમાં ગુટખા–સિગારેટનું વેચાણ, ગર્લ્સ સ્કૂલની પાસે ટપોરીઓની કનડગત, રીંગરોડ પર માર્કેટ વિસ્તારમાં ટ્રાફિક ક્રેઇનો દ્વારા વાહનોને ઊંચકી લઇ જવાને કારણે વેપારીઓને પડતી મુશ્કેલીઓ, કોર્પોરેશન દ્વારા મંજૂર કરાયેલા કોમર્શિયલ એપાર્ટમેન્ટ પાસે પાર્કિંગ માટે મુશ્કેલી જેમાં કલેકટોરેટ, મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર વચ્ચે સંકલનનો અભાવ જેવા પ્રશ્નો પોલીસ કમિશનર રજૂ કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, માર્કેટમાં વેપારીઓના ઉઠમણાં, ઉધના રેલ્વે સ્ટેશન પાસે રિક્ષાચાલકોની દાદાગીરીને પગલે ઓલા–ઉબેર જેવી વ્યવસ્થાનો અભાવ, વિદ્યાર્થીઓને લઇ જતી રિક્ષા અને વાનમાં વિદ્યાર્થીઓની સંખ્યાના નિયંત્રણ સંદર્ભે યોજનાનો અભાવ, દરેક ચાર રસ્તા પાસે સાંજના સમયે દબાણને કારણે સર્જાતી સમસ્યાઓ, સુરત વરાછા ગરનાળા પાસે સાંજના સમયે ટ્રાફિક જામની સમસ્યા, શ્રી ગોવર્ધન નાથજીની હવેલી આગળ પાર્કિંગની સમસ્યા અને રાત્રે ૧૦થી સવારે ૮ કલાક સુધી ભારે વાહનોની સમસ્યા જેવી વિવિધ પ્રશ્નો ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ, પ્રોફેશનલ્સ અને નાગરિકોએ પોલીસ કમિશનર સમક્ષ રજૂ કર્યા હતા.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ ચર્ચા સભામાં ભાગ લેવા બદલ સુરતના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌતનો આભાર માન્યો હતો. ચેમ્બરના માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદીએ પોલીસ કમિશનરશ્રીનો પરિચય આપ્યો હતો. જ્યારે ચેમ્બરના ગૃપ ચેરમેન શ્રી મૃણાલ શુકલએ આખી ચર્ચા સભાનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની ટ્રાફિક એજ્યુકેશન એન્ડ અવેરનેસ કમિટીના ચેરપર્સન શ્રીમતી કામિનીબેન ડુમસવાલા, ઉદ્યોગ સાહસિકો, વેપારીઓ, પ્રોફેશનલ્સ અને નાગરિકો ચર્ચા સભામાં ઉપસ્થિત રહયા હતા. પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગહલૌતે ઉપસ્થિતોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ ચર્ચા સભાનું સમાપન થયું હતું.